શ્રમ આયુક્તની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં-૩, પ્રથમ માળ,
E1, E2, F2 વિંગ્સ,
સેક્ટર-૧૦ એ, કર્મયોગી ભવન, ગાંધીનગર
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા

ક્રમાંકઃ શ્ર.આ.૭./ટે.૩/ફા.નં.૨૩૦-૨૦૨૬/રાચઆ-પે.ચૂં./૨૦૨૬/407 તા. 2/4/26

વંચાણે લીધોઃ- મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ GAD/DHE/e-file/1/2026/1944/CIII , તા. ૨૦/૦૩/૨૦૨૬ .

## પરિપત્ર

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધેલ પત્રથી આણંદ જીલ્લામાં સમાવિષ્ઠ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૨૬ તા-૨૩/૦૪/૨૦૨૬, ગુરૂવારના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજયમાં તા-૨૩/૦૪/૨૦૨૬, ગુરૂવારના રોજ યોજાનાર ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ, ૨૦૧૯ મુજબ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજાની બદલી કરીને,

(૧) રાજ્યની વિધાનસભાની પેટા ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કે જે કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય તો તેને મતદાનના દિવસે રજા મંજુર કરવી.

(૨) આવી રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનુ રહેશે.

(૩) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(૫) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી(૧) અન્વયે મતદાર જે તે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મત વિભાગની બહારના વિસ્તારમાં આવેલ દુકાનો કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવા મતદારો સવેતન રજાના હક્કદાર રહેશે.

(૬) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭./ટે.૩/ફા.નં.૨૩૦-૨૦૨૬/રાચઆ-પે.ચૂં./૨૦૨૬ /407
તારીખઃ- 2/4/26

પ્રતિ,

નકલ સવિનય રવાનાઃ-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય, સરદાર ભવન,બ્લોક નં. ૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ના પત્ર ક્રમાંક : GAD/DHE/e-file/1/2026/1944/CIII , તા. ૨૦/૦૩/૨૦૨૬ સંદર્ભે જાણ સારૂ.

(૨) સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. અન્વયે જાણ સારૂ.

(૭) અધિક શ્રમ આયુક્તશ્રી, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર.

(૮) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટની તાબાની કચેરીને જાણ તથા અમલ કરવા સારૂ.

(૯) નિયામકશ્રી. માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૧૦) સિલેકટ ફાઇલ.